# આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર ધ્વારા ભારતીય સોયાબીન અનુસંધાન સંસ્થાન, ઈન્દોર ખાતે આયોજીત કૃષિમેળામાં ભાગ લેવામાં આવ્યો

આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીઆ ખાતેથી તા.૧૧/૧૨/૨૦૧૭ના રોજ ભારતીય સોયાબીન અનુસંધાન સંસ્થાનના, ઈન્દોરના ૩૧ માં સ્થાપના દિવસ નિમીતે આયોજીત સોયાબીન અનુલક્ષી કૃષિમેળામાં અત્રેથી દાહોદ જીલ્લાની ૪૫ મહિલા ખેડૂતો તથા સદર કચેરીના ૫ (પાંચ) અધિકારી /કર્મચારી ભાગ લીધેલ હતો. ઈન્દોર ખાતે આયોજીત કૃષિમેળામાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત તેમજ મધ્યપ્રદેશના ખેડૂતોએ ભાગ લીધેલ હતો. સદર કૃષિમેળામાં સોયાબીનના પાકને લગતા તમામ નિદર્શન સ્ટોલની મુલાકાત લઈ મહિલા ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. ભારતીય સોયાબીન અનુસંધાનના સંસ્થાપક નિર્દેશક ડૉ. પ્રેમસ્વરૂપ ભટનાગરએ ઉપસ્થિત સર્વે ખેડૂતોને સોયાબીનની સમયસર વાવણી કરવા તેમજ એક માસની અંદર જ નિંદણનું નિયંત્રણ કરવા તથા કિટનાશક દવાઓનો મર્યાદિત માત્રા માંજ ઉપયોગ કરવા સાથે સોયાબીનના પાકમાં પાણીની અછત કે વધારાથી થતી આડઅસરોથી પાકને કેવી રીતે બચાવી શકાય તે અંગે વિસ્તૃત માહિતી પુરી પાડી. સદર સભારંભના અધ્યક્ષશ્રી ડૉ. એસ.પી.તિવારી, ભારતીય સોયાબીન અનુસંધાન સંસ્થાનના પૂર્વ નિદર્શક તથા અનુસંધાન સમિતિના અધ્યક્ષએ ખેડૂતોને સૂચન કર્યુ કે સર્વે ખેડૂતો સંગઠિત થઈ ફાર્મર પ્રોડયુસર કંપની બનાવવી જોઈએ તથા નવિનતમ તેમજ વૈવિધ્યકરણ ધ્વારા ઉત્પાદન વધારવાની સાથે આવકનો પણ વધારો કરી શકીએ. જેનાથી કેન્દ્ર સરકાર ઈચ્છાનુંસાર ખેડૂતોની આવક બેગણી કરી શકાય. ભારત સરકારના કૃષિ–વ– સહકારી વિભાગના નિર્દેશક ડૉ. ટી.પી.સિંહ જણાવામાં આવ્યું કે જો ખેડૂતોને નવી પધ્ધતિથી ખેતી કરશે તો ભારત સોયાબીનના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને હશે તથા અંતમાં સદર સંસ્થાનના નિર્દેશક ડૉ.વી.એસ.ભાટીયાએ જણાવ્યું કે આપના દેશમાં સોયાબીનનો સરેરાશ ઉત્પાદન ૧૧ થી ૧૨ કિવન્ટલ પ્રતિ હેકટર છે. જયારે કેટલાક ખેડૂતો ઉતમ પધ્ધતિ અને પ્રમાણિત બીજના ઉપયોગથી ૩૦ થી ૩૨ કિવન્ટલ પ્રતિ હેકટર ઉત્પાદન લે છે. આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીઆની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા દાહોદ જીલ્લાના વિસ્તાર માંથી ૨ (બે) મહિલા ખેડૂતો ચૌહાણ મંજુલાબેન રમેશભાઈ, ગામઃ પહાડ તથા ચૌહાણ લતાબેન નરેન્દ્રસિંહ, ગામ : વણઝારીયાનો સોયાબીનના સફળ ખેડૂત તરીકે ભારતીય સોયાબીન અનુસંધાન સંસ્થાન ધ્વારા પસંદગી કરવામાં આવી.

સદર કૃષિમેળામાં ચૌહાણ મંજુલાબેન રમેશભાઈ, ગામ : પહાડ, તા.લીમખેડા, જી.દાહોદને શ્રેષ્ઠ સોયાબીનના મહિલા ખેડૂત તરીકે પસંદગી કરી તેમને પ્રમાણપત્ર તથા રૂા.૨૦૦૦/–ની ઈનામી રાશી આપી સન્માનિત કરવામાં આવ્યા તેમજ તેમના ધ્વારા સોયાબીનની સફળ ખેતી વિશે પોતાનો અનુભવ સદર કૃષિમેળામાં આવેલ ખેડૂતો સાથે રજુ કરવામાં આવ્યો.


भा.कृ.अनु.प.–भारतीय सोयाबीन अनुसंधान संस्थान, इंदौर के 31वें गौरवशाली
उपलक्ष्य में






कार्यालय